અધિક્ષક ઇજનેરશ્રી ઉકાઇ :યાંત્રિક: વર્તુળ
અમદાવાદને યાંત્રિક સંવર્ગની કામગીરી
માટે ઝોનલ અધિકારી તરીકે નિયુક્ત
કરવા બાબત.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક પીટીએસ-૧૧૭૫૧૫૬.૮૪:૧:ગ,
સિંચાઇ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ. ૧૩-૭-૧૯૮૧.

સંદર્ભ :- :૧: જાહેર બાંધકામ વિભાગનો તારીખ ૧૮-૧૦-૭૫નો
પત્ર ક્રમાંક ટીટીએસ.૭૮૭૪:૯૩:ગ.

:૨: સિંચાઇ વિભાગનો તા.૧૬-૫-૭૯નો સરકારી ઠરાવ
ક્રમાંક ઇએસટી-૧૦૭૯:૨૧:ગ.

## -: ઠરાવ :-

રાજ્યના વર્ગ-૩ અને વર્ગ-૪ના યાંત્રિક કર્મચારીઓ માટે હાલ કોઇ ઝોનલ અધિકારી નિમવામાં આવેલ નથી. આને કારણે વર્ગ-૩ના યાંત્રિક કર્મચારીઓની જયેષ્ઠતા, બઢતી, બદલી વગેરે હેતુ માટે એક સુત્રતા જળવાતી ન હતી. આથી આ કામગીરી માટે ઝોનલ અધિકારીની નિયુક્તિ કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો.

૨. આ અંગે વિચારણા કર્યા બાદ સંદર્ભ હેઠળના હુકમોમાં અંશતઃ સુધારો કરીને નીચેની કામગીરી માટે અધિક્ષક ઇજનેરશ્રી ઉકાઇ યાંત્રિક વર્તુળ અમદાવાદને ઝોનલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

:૧: હંગામી મહેકમ પર કામ કરતા વર્ગ-૩ના યાંત્રિક કર્મચારીઓનો જયેષ્ઠતા/બદલી/બઢતી બાબત.

:૨: વર્કચાર્જ મહેકમ પર કામ કરતા વર્ગ-૩ના યાંત્રિક કર્મચારીઓને હંગામી મહેકમ પર લેવા બાબત.

:૩: રોજમદાર તરીકે કામ કરતા કર્મચારીઓને વર્કચાર્જ મહેકમ પર લેવા બાબત.

:૪: કરકસરના કારણે મહેકમમાં ઘટાડો થતા યાંત્રિક મહેકમ પરના વર્કચાર્જ કર્મચારીઓને સમાવવા તથા છુટા કરવા બાબત.

ઉપર દર્શાવેલ બાબતે હાલ વર્ગ-૩,ના અ-ય:સીવીલ: કર્મચારીઓ માટે જે નિયમો છે તે નિયમો અને જે તે સંવર્ગના ભરતી નિયમોને અનુસરીને કાર્યવાહી કરવાની રહેશે.

૩. આ વિભાગ હેઠળના સર્વે અધિકારીઓએ તેમની કચેરીઓ હેઠળ કામ કરતા હંગામી વર્કચાર્જ અને રોજમદાર યાંત્રિક મહેકમની

...૨...

વિગતો અધિક્ષક ઇજનેરશ્રી ઉકાઇ યાંત્રિક વર્તુળ અમદાવાદને સત્વરે મોકલી આપવા.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
પી. ડી. પટેલ
સેક્શન અધિકારી,
સિંચાઇ વિભાગ,

પ્રતિ,
સિંચાઇ વિભાગ હેઠળના ખાતાના
સર્વે વડાઓ.

.....